
ગાંધીનગર સમાચાર

# કેએસવી સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા ટેકનોલોજી વિષય પર માહિતગાર કરતો વેબીનાર યોજાયો





ગાંધીનગર,તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર પત્રકારત્વ વિભાગના વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને વિદ્યાર્થીઓ માટે પત્રકારત્વમાં જરૂરી એવા ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ અને ટેકનોલોજી વિષય પર જયપુરના ડિજિટલ મિડિયા માર્કેટિંગના ડાયરેક્ટર મનિષ હૂઝા દ્વારા વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા ના અલગ અલગ પ્લેટફોર્મ અંગેના વિવિધ મુદ્દાઓ પર છણાવટથી માહિતગાર કરતા વેબિનાર (વિચાર ગોષ્ઠિ) નું આયોજન કરવામાં આવ્યું હતું.

પત્રકારિતા કરતી વખતે ટેકનોલોજીનો સરળતાથી ઉપયોગ કેવી રીતે કરી શકીએ? સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોકોથી કેમ જોડાવું? આવા માધ્યમોમાંથી આવક કેવી રીતે મેળવવી? જેવા અનેક મહત્વના જુદા જુદા મુદ્દા સાથે વેબસાઈટ વર્ડપ્રેસ (wordpress), બ્લોગર (blogger) જેવા માધ્યમોમાં? બનાવી ગુગલ પ્લેટફોર્મથી વધુને વધુ લોકો સુધી પોતાના વિચારો અને સમાચારોને પહોંચાડવા જેવા અનેક વિષયો પર વિસ્તૃત થી ચર્ચા કરી વિધાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરાયેલ વેબપોર્ટલ અને બ્લોગનું નિરીક્ષણ કરી તેમાં લાગતા યોગ્ય ફેરફારો, ખૂટતી કડીઓ અંગે વિદ્યાર્થીઓને સમજણ અપાઈ હતી.

કડી વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારિતા અંગે અપાતા શિક્ષણના સુદ્રઢ આયોજન અંગે મનીષભાઈ હુઝા એ પત્રકારત્વ વિભાગનાં અભ્યાસ સંયોજક પ્રો.મિતેશભાઈ મોદીને બિરદાવ્યા હતા અને ટેકનોલોજી બાબતે પત્રકારત્વનો અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને ઉપયોગી થવા કટીબદ્ધતા પણ દાખવી હતી. ટેકનોલોજી અંગેના આ વેબીનારના આયોજનથી વિદ્યાર્થીઓમાં ખુબ જ ઉત્સાહ નજરે પડ્યો હતો અને તેઓએ એકચિત્ત પૂર્વક રસલઈ માહિતી રૂપી જ્ઞાન મેળવ્યું હતું.

# બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં બિમ ટેકનોલોજી વિષય પર વેબીનાર યોજાયો




ગાંધીનગર,તા. ૮

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી સંસ્થામાં સિવિલ એન્જિનયરીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા બિમ ટેકનોલોજી વિષય પર વેબીનાર યોજાયો હતો.

આ વેબિનાર મા ખોડિયાર કેડ સેન્ટર ના મી. ભાગ્યેશ પટેલ એકપર્ટ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને એન્જિનયરીંગમાં ઉપયોગમાં આવતા સોફ્ટવેર્સ અને ઑટોડેસ્કની તમામ એપ્લિકેશન્સની જાણ કરવામા આવી હતી.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર રવિ કુમારએ કોલેજના પ્રિન્સિપાલ ડો.કિંજલ અધવર્યુ એ સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# ભૂગર્ભ જળ દેવનાં વધામણાં કરાયા




સ્મિત મ્યુઝિક સંસ્થા દ્વારા 'એક શામ કોરોના વોરિયર્સ કે નામ' કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં કોરોના વોરિયર્સ ડો રાજીવ હર્ષ, ડો સંજય શાહ, પોલીસ ઈન્સ્પેક્ટર જીગર મેવાડા, ઈલેક્ટ્રીક સર્વિસ ધીમંત ભટ્ટ, મીડિયા કર્મી કશ્યપ નિમાવત દ્વારા હિન્દી ફિલ્મી ગીતોની રજૂઆત કરવામાં આવી હતી શિક્ષક દિન નિમિતે ગાંધીનગર ના રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત શિક્ષિકા સ્વ. ઈન્દુમત્તી નિમાવત ને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. 'સ્મિત મ્યુઝીક ના ભરત ગજ્જર અને જ્યોતિ ગજ્જર દ્વારા લગભગ વીસ જેટલા ગીતોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

ચિલોડા, તા. ૮

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરામાં સેવક નિવાસ, કન્યા છાત્રાલય, બંને મહાવિદ્યાલયઓને પાણી પૂરુ પાડવા નવા ટયુબવેલ્સમાંથી ભૂગર્ભજળ કાઢી જળદેવનાં વધામણાં કરવામાં આવ્યા હતા.



જળ એ જીવન છે એ સૂત્રને સાર્થક કરવા જળદેવનો કરકસર ભર્યો ઉપયોગ કરવાના સંકલ્પ સાથે જળને દેવ માની જળદેવને ધાર્મિક વિધિ સાથે નિવાસનાં નાના નિર્દોષ ભૂલકાઓમાં મહેક, મેધા, પૂરવા, નાયરા અને સુગંધ નામની પાંચ દીકરીઓના હસ્તે કંકુના ચાંલ્લા કરી અને ચોખાથી વધાવી, ગોળ-ધાણા વહેંચી આપણી ધાર્મિક પરંપરાને સાચવી રાખવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સેવક નિવાસની બાહેનોની હાજરીમાં ગૃહપાતિ સુરેશભાઈ પાટેલ, મોહનભાઈ પટેલ અને ભરતાભાઈ રાવળે ભૂગર્ભ જળ બહાર કાઢવાની કામગીરી કરી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ, ડિન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાના માર્ગદર્શન હેઠળ ભૂગર્ભ જળદેવનાં વધામણાંનો કાર્યક્રમ હાથ ધરાયો હતો.

# પિલવાઈ કોલેજની ગુજરાતની શ્રેષ્ઠ ૫ કોલેજમાં પસંદગી

ગાંધીનગર,તા. ૮

શિક્ષકદિનના પાવન દિવસે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા માનનીય શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા શ્રીમતી વિભાવરીબેન ની હાજરીમાં યોજાયેલા વેબીનારમાં કોવિડ-૧૯ ના વિશિષ્ટ સંજોગોમાં સરકારશ્રીના ઉદ્ધયન પ્રોજેકટ અંતર્ગત COGENT ના પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન શિક્ષણ, બેસ્ટ અને ઈનોવેટિવ પ્રેક્ટિસ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર ટોપ ૫ કોલેજોને સંયુક્ત રીતે જાહેર કરવામાં આવી હતી. આ ટોપ ૫ કોલેજમાં ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત પિલવાઈ કોલેજને પણ પસંદ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.



પિલવાઈ કોલેજ દ્વારા શરૂ કરવામાં આવેલ બાર જેટલી યુ ટ્યુબ ચેનલ અને અધ્યાપકોની પાંચ પર્સનલ યુ ટ્યુબ ચેનલ પરથી અંદાજીત ૪૦૦ જેટલા એકેડેમિક વિડિઓ અપલોડ કરી માત્ર કોલેજના જ નહિ પણ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને મારદર્શન પૂરું પાડ્યું હતું.

પિલવાઈ કોલેજના આચાર્ય ડૉ સંજય શાહે જણાવ્યું હતું કે નાના ગામડામાં આવેલ આ સંસ્થા તાજેતરમાં જ NAAC એક્રેડિટેશનમાં 3.45 CGPA સાથે A+ ગ્રેડ મેળવી સમગ્ર ગુજરાતમાં અવ્વલ રહી છે. સંસ્થાને અગાઉ UGC દ્વારા Colleges with Potential for Excellence (CPE) એવોર્ડથી બે-બે વાર સન્માનિત કરાઈ છે. તાજેતરમાં જ શિક્ષણ વિભાગના KCG દ્વારા કરાતા GSIRF રેટિંગમાં પણ 4 STAR આપવામાં આવ્યા છે. જ્યારે આજે જ શિક્ષણ વિભાગ દ્વારા ઉદ્ધયન પ્રોજેકટમાં ઓનલાઈન શિક્ષણ, બેસ્ટ અને ઈનોવેટિવ પ્રેક્ટિસમાં ઉત્કૃષ્ઠ કામગીરી માટે ગુજરાતની સંયુક્ત ટોપ ૫ કોલેજમાં થયેલી પસંદગીએ સંસ્થાની પ્રતિષ્ઠામાં ઓર વધારો કર્યો છે. ડૉ શાહે આ સિદ્ધિ બદલ સંચાલક મંડળ તથા પિલવાઈ કોલેજ પરિવારની ટીમની અથાક મહેનતને બિરદાવી હતી.

# વિદ્યામંદિર લક્ષ્મીપુરા પ્રા.શાળાના મુખ્ય શિક્ષક મેહુલ સુથારને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત





ગાંધીનગર,તા. ૮

તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ગાંધીનગર જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં ગાંધીનગર જિલ્લાના કુલ આઠ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કલોલ તાલુકાના ગોલથરા ગામની વિદ્યામંદિર લક્ષ્મીપુરા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક મેહુલકુમાર સુથારને ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ મુખ્ય શિક્ષકની કેટેગરીમાં પ્રથમ નંબરે એવોર્ડ મળેલ છે.

વિદ્યામંદિર લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા સંપૂર્ણ સગવડ ધરાવતી અત્યાધુનિક પ્રા. શાળા છે. ૨૪ કલાક ઈન્ટરનેટ સુવિધાથી સજ્જ કોમ્પ્યુટર લેબ, ૨૪ કલાક ઠંડુ પાણી, અને ઓનલાઈન સીસીટીવી સર્વેલન્સ ધરાવતી શાળા છે. આ શાળાને ૨૦૧૭માં જિલ્લાનો શાળા સ્વચ્છતા એવોર્ડ તેમજ ૨૦૧૯માં શાળા ઈનોવેશન એવોર્ડ મળેલ છે. આ શાળા બે વાર રાજય કક્ષા વિજ્ઞાન પ્રદર્શનમાં વિજેતા બનેલ છે. આ સિવાય ખેલ મહાકુંભ, નિબંધ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા અને એનએમએસ પરિક્ષામાં પણ ખૂબ જ ઊંચી સિદ્ધિ હાંસલ કરેલ છે. આ શાળા ૫૦૦થી વધુથી વધુ વૃક્ષો ધરાવતી એકમાત્ર ગ્રીન અને સસ્ટેનેબલ શાળા છે. ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર શાળાના આચાર્ય મેહુલ સુથારને મળેલ ઈનામની રકમ શાળાના વિકાસ કામ માટે આપવાની જાહેરાત કરેલ છે. જે એક ઉમદા કાર્ય છે.


# દેશ વિકાસના પાયામાં નવી શિક્ષણ નીતિનું બહુમૂલ્ય યોગદાન હશે : શિક્ષણમંત્રી

કોઈ પણ દેશના આથિક, સામાજીક કે પછી સાંસ્કૃતિક વિકાસના મૂળમાં જે- તે દેશની શિક્ષણ નીતિનું યોગદાન ખૂબ જ મહત્વ ધરાવે છે. ભારત એ જુદી-જુદી સંસ્કૃતિ અને ભાષાઓનો સમન્વય ધરાવતો દેશ છે. વિવિધતામાં એકતાને ચરીતાર્થ કરવા માટે તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિને અમલમાં મૂકવાની માન્યતા આપવામાં આવી છે. જેનાથી દેશની આગામી પેઢીનો પુસ્તકીયા જ્ઞાનને બદલે સર્વાંગી વિકાસ થશે. ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ગુરૂકૂળ પધ્ધતિથી લઈને આજની આધુનિક શિક્ષણ નીતિમાં સતત બદલાવ જોવા મળ્યા છે. આઝાદી પછી વર્ષ- ૧૯૬૮ , ૧૯૮૬/૯૨ અને આ વર્ષે ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા લિલિ ઝંડી મળતાં આગામી ટૂંકાગાળામાં હાલની શિક્ષણ પધ્ધતિ તદન નવા સ્વરૂપમાં જોવા મળશે. દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રકારે સમીક્ષા કરવામાં આવી છે. ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ અને તાજેતરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અધ્યક્ષ શ્રી કે. કસ્તુરીરંગનની વડપણ હેઠળ સમીક્ષા સમીતી દ્વારા દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં લાવવા માટે છેલ્લા ૩૪ વર્ષમાં પ્રથમ વખત યોગ્ય પગલાં ભરવામાં આવ્યા છે.

નવી શિક્ષણ નીતિ ના ડ્રાફ્ટ માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા દેશના શિક્ષણવિદો અને આમ જનતા પાસેથી પણ તેઓના મંતવ્ય મંગાવીને તેના પર સંપૂર્ણપણે ચર્ચા-વિચારણા કરીને નવી શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં દેશભરમાંથી અલગ અલગ રાજ્યોના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા અનેક તજજ્ઞો દ્વારા અંદાજીત ૨.૨૫ લાખ મંતવ્યો માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયને મળ્યા હતા. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આગામી પેઢીના ઉન્નત ભવિષ્ય માટેની નવી શરૂઆત છે. દેશમાં બાળ વિકાસ થી લઈને ઉચ્ચતર શિક્ષણ અને રિસર્ચ સુધીના અભ્યાસક્રમો માટે આ શિક્ષણ નીતિથી આમૂલ પરિવર્તન આવશે. નવી શિક્ષણ નીતિમાં માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું છે.

અંદાજિત ૩૦૦થી પણ વધારે પાનાનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે છ મુદ્દા જેવા કે, સ્કૂલ એજ્યુકેશન, ભાષા, ઉચ્ચતર શિક્ષણ , ટેકનોલોજી, ફાઈનાન્સ અને આ તમામ બાબતોનું અમલીકરણના મહત્વના મુદ્દાને સાંકળી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી શાળાકીય શિક્ષણ બાબતે દેશમાં ૧૦૪૨ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. હવે ૫૪-૩-૪-૩૩૪ની પદ્ધતિનું નવી શિક્ષણ નીતિમાં અમલીકરણ કરાશે. દેશમાં શાળાકીય શિક્ષણને ફાઉન્ડેશન સ્ટેજથી લઈને સેકન્ડરી એજ્યુકેશન સુધી ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેના પ્રથમ સ્ટેજમાં પાંચ વર્ષનો સમયગાળો રાખવામાં આવ્યો છે. પ્રથમ ૩ વર્ષ પ્રિ-પ્રાઈમરી એટલે કે આંગણવાડી માટે નક્કી કરવામાં આવ્યા છે. બાળ વિકાસને પ્રાધાન્ય આપીને શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા બાળકોને રમત-ગમત કરીને કેવી રીતે માનસીક વિકાસ કરવો તો બાબતે શિક્ષણ આપવામાં આવશે. ત્યાર પછીના બે વર્ષ ધોરણ ૧ અને ૨માં બાળકને પ્રવેશ અપાશે. ફાઉન્ડેશન સ્ટેજના પ્રથમ ત્રણ વર્ષમાં બાળ વિકાસની સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા 'અર્લી ચાઈલ્ડ હૂડ કેર એન્ડ એજ્યુકેશન' માટે ત્રણ વર્ષ ફાળવવામાં આવ્યા છે. જેના માટે આંગણવાડી કાર્યકર્તાઓ જો સક્ષમ ના હોય તો, ધોરણ ૧૨ પાસ કરેલ કાર્યકર્તાઓને ૬ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ અને ધોરણ ૧૨ પાસ નથી, તેવી તમામ આંગડવાડી કાર્યક્તા બહેનોને ૧ વર્ષ માટે ડિપ્લોમા કોર્સ ભારત સરકાર દ્વારા કરવામાં આવશે. જેના કારણે બાળ વિકાસ સંબધિત કોઈપણ પ્રકારે અન્યાય ના થાય. બાળ શિક્ષણમાં પ્રી-પ્રાઈમરી એજ્યુકેશન ખૂબ જ મહત્વ ધરાવે છે. જો બાળકનો પાયો મજબૂત હશે તો, આગામી દિવસમાં તે શિક્ષણરૂપી ઉત્તમ ઈમારત રચી શકશે. જે દેશના વિકાસમાં ખૂબ જ સહયોગી થશે. કેન્દ્ર સરકાર દ્વારા 'રાઈટ ટુ એજ્યુકેશન'(આરટીઈ)માં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ સુધારાના કારણે આગામી દિવસમાં દેશના દરેક સ્તરના વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્ત કરવાનો હક મળશે તથા સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટશે.

બંધારણ સંબંધિત કેટલાક મહત્વના મુદ્દાઓ પર આગામી સમયમાં સંસદ દ્વારા પણ સંશોધન બિલ પસાર કરીને આરટીઈ અને શિક્ષણ બાબતેના અધિકારોમાં વિદ્યાર્થીઓના હિતલક્ષી સુધારા કરવામાં આવશે. સ્ટેજ ત્રણ વર્ષનો હશે. જેમાં ધોરણ ૩ થી ૫ સુધી ત્રણ વર્ષના મોડેલ પર અભ્યાસ કરવામાં આવશે. જ્યારે મીડલ સ્ટેજ અને સેકન્ડરી સ્ટેજ પર અનુક્રમે ૩ વર્ષ માટે ધોરણ ૬ થી ૮ અને માધ્યમિક સ્કૂલમાં ૪ વર્ષ માટે, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે. નવી શિક્ષણનીતિનો એક મહત્વનો સરાહનીય નિર્ણય એ છે કે, સેકન્ડરી સ્ટેજના વિદ્યાર્થીઓ ઉપરાંત વિદ્યાર્થીઓની ટકાવારી કરતા પણ તેમના જ્ઞાન ઉપર વધુ ભાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થી જો કોઈ વિષયમાં નબળો છે તો, વિદ્યાર્થી દ્વારા એડવાન્સ અને મીડીયમ લેવલના સ્તરની પસંદગી કરીને જે-તે વિષયની પરીક્ષા આપી શકાશે. વિદ્યાર્થી દ્વારા પસંદ થયેલા



સ્તર મુજબ જ તેઓની પરીક્ષા લેવાશે. જેનાથી ફેઈલ રેશિયો પણ ઘટશે અને વિદ્યાર્થીને કોઈ એક ક્ષેત્રમાં કારકિર્દી બનાવી હશે, તો તેમાં ગણિત, વિજ્ઞાન અને અન્ય મહત્વના વિષયોમાં પણ સરળતાથી પાસ કરીને આગળ વધી શકશે. સર્વાંગી વિકાસના કોન્સેપ્ટને અપનાવીને સાચા અર્થમાં કયારથી પસંદગી અનુસાર ક્રેડિટ સિસ્ટમ અમલમાં મૂકાશે. આ પ્રકારના પરિવર્તનને કારણે વિદ્યાર્થીઓનો દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસ થશે. આ ઉપરાંત અન્ય કલા અને રમત-ગમત ક્ષેત્રના વિષયને પણ દરેક વિષયની સમકક્ષ ગણવામાં આવશે.

નવી શિક્ષણ નીતિના કારણે આગામી દિવસોમાં એન.સી.ઈ.આર.ટીના કોર્સમાં પણ બદલાવ કરવામાં આવશે. આ સમગ્ર પેટર્ન આગામી વર્ષ ૨૦૨૨ના શૈક્ષણિક વર્ષથી લાગુ કરવાનો સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. નવી શિક્ષણ નીતિના મહત્વના મુદ્દાઓ અને લક્ષ્યને ધ્યાનમાં રાખીએ , તો પ્રાઈમરી લેવલ પર વર્ષ ૨૦૨૫ સુધી ૧૦૦% સાક્ષરતાં લાવવાનો લક્ષ્યાંક છે. આ ઉપરાંત ટીચર ટ્રેનીંગ માટે દિક્ષા પોર્ટલને હાઈક્વોલિટી ટેકનોલોજીથી સુસજ્જ કરીને ડિજિટલ શિક્ષણ બાબતેના યોગ્ય પ્રકારના નવા રિસોર્સિસ ઉમેરવામાં આવશે. વર્ષ ૨૦૩૫ સુધી દેશભરના તમામ રાજ્યોના વિદ્યાર્થીઓમાં સ્કૂલ શિક્ષણ બાબતે ગ્રોસ એનરોલર્મેન્ટ રેશિયો વધે તે માટેના નક્કર પગલાં પણ લેવામાં આવશે. પ્રાઈમરી એજ્યુકેશનનો રેશિયો કંઈક અંશે સકારાત્મક છે, પરંતુ જેમ-જેમ બાળક આગળ વધતું જાય છે, તેમ-તેમ કેટલાક સામાજિક, આર્થિક કે અન્ય કારણોસર ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોમમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. ધોરણ ૧૧ અને ૧૨માં આ રેશિયો માત્ર ૫૬% જ છે. જ્યારે હાયર એજ્યુકેશનમાં ૨૬.૩% છે. એજ્યુકેશન મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૩૫ સુધી હાયર એજ્યુકેશનમાં પણ સરેરાશ ૫૦% એટલે કે ૨ ગણો વધારો કરવાનો લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં યુનિવર્સિટી અને કોલેજોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે. નવી નીતિમાં દરેક જિલ્લા કાં તો, દરેક બે જિલ્લાની વચ્ચે એક યુનિવર્સિટીની રચના કરવાની પણ જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવી છે. જેનાથી આંતરિયાળ વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીઓને દૂર સુધી શિક્ષણ મેળવવા માટે જવું પડશે નહી અને તેનાથી ડ્રોપ આઉટ રેશિયોમાં પણ ખુબ જ મોટા પ્રમાણમાં તફાવત જોવા મળશે.

વર્ષ-૨૦૦૪માં સંસદ દ્વારા કરાયેલ ૯૨માં બંધારણીય સુધારા અને બંધારણના ભાગ ૧૭ના અમુચ્છેદ ૩૪૩ થી ૩૫૧ના પરિશિષ્ટ-૮ મુજબ ભારતમાં ૨૨ ભાષાઓને બંધારણીય માન્યતા પ્રાપ્ત થયેલી છે. ભારત જેવા વિશાળ દેશમાં જુદા-જુદાં ક્ષેત્રમાં તેની માતૃભાષાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. તે જ રીતે નવી શિક્ષણ નીતિમાં પણ માતૃભાષાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. ધોરણ ૫ સુધી ફરજિયાત દરેક સરકારી અને બિનસરકારી શાળાઓને માત્ર માતૃભાષામાં જ શિક્ષણ આપવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત જો શક્ય હોય તો ધોરણ-૮ સુધી પણ જે-તે રાજ્યની માતૃભાષામાં શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. મનોવૈજ્ઞાનિક રીતે જોવા જઈએ તો, કોઈપણ બાળકનો વિકાસ તેના ઘરમાં બોલાતી કે તેની માતૃભાષામાં અપાતા શિક્ષણને કારણે યોગ્ય અને ઝડપથી થાય છે. તેમજ ૨ થી ૮ વર્ષના બાળકનો વિકાસ તેમની માતૃભાષામાં સવિશેષ થતો જોવા મળે છે. આ તમામ પાંસાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા પણ ૩ લેંગ્વેજ ફોર્મ્યુલા નવી શિક્ષણ નીતિના અમલીકરણમાં મૂકવામાં આવ્યા છે. જેમાં ૨૪૧ ફોર્મ્યુલા બનાવવામાં આવી છે. જેમાં દરેક શિક્ષણ સંસ્થાન ફરજિયાત પણે ૨ ભારતીય ભાષા અને ૧ વિદેશી ભાષા એટલે કે, એક માતૃભાષા ત્યારપછી હિન્દી, સંસ્કૃત કાં તો જે-તે રાજ્યની વૈકલ્પિક ભાષા અને એક વિદેશી એટલે કે અંગ્રેજી અથવા અન્ય ભાષામાં શિક્ષણ આપી શકાશે.

ઉચ્ચતર અભ્યાસ માટે ધોરણ-૧૨ પછી દેશની સમગ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે, તે માટે ધ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા કોમન એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવશે. વિદ્યાર્થીઓને જે વિષયમાં રસ હોય તે વિષય સહિત અન્ય એક કોમન એપ્ટીટ્યુડ ટેસ્ટ આપવાનો રહેશે. જેના દ્વારા દેશની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ પરીક્ષા વર્ષમાં બે વખત યોજવામાં આવશે. જેનાથી વિદ્યાર્થીઓની જેમાં સારી ટકાવારી હશે, તે મુજબ જે-તે કોર્સ અને કોલેજમાં સરળતાથી પ્રવેશ મેળવી શકશે. જો કે કેટલાક પ્રોફેશનલ કોર્સિસ જેવા કે મેડિકલ , મેનેજમેન્ટ અને અન્ય કોર્સમાં પહેલાંથી જ આ પ્રકારની પરીક્ષા ધ નેશનલ ટેસ્ટીગ એજન્સી દ્વારા લેવામાં આવતી હોવાથી તેને કાર્યરત રાખવામાં આવશે.

(ક્રમશઃ)

## જન્મદિને વધામણી



અરૂણાબેન ગજ્જર
મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪



હફ્સા બ્લોચ
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯



પ્રીતિ ગડકરી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



ગર્વ જુગલકુમાર બ્રહ્મભટ્ટ
મો. ૯૯૭૮૮ ૭૩૪૬૩




વૈભવ ભગવાનસિંહ પરમાર
મો. ૯૮૨૪૬ ૮૧૪૦૪



મહર્ષ નિખીલભાઈ મોદી
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩



દરજી દિલીપકુમાર બી



વિરેન કે પ્રજાપતિ
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯



ડેલ્વિના ગૌતમકુમાર અમીન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



આશિષકુમાર ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮



સંજયકુમાર કે નાયી
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭